www.kamalamgujarat.com

ગતિશીલ ગુજરાત ની વિકાસ ગાથા રજૂ કરતું એકમાત્ર અખબાર...

Sunday
08.08.2021
*Volume :6 * Issue No. 01
Email.: kamalamgujarat@gmail.com
*Editor :Mahesh N. Patel:- (98249 10606)



# કમલમ્

ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક

GUJGUJ/2016/73451

*Managing Editor: Arjun Sondarva *Office: A-3, Plot No. R - 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 *Page :06*Rs. 00.25/- *Annual Rs. 90/-

# કોરોના કટોકટીનો સામનો કરવાની વ્યૂહનીતિમાં, ભારતે ગરીબોને સૌથી વધારે પ્રાથમિકતા આપી છે: પ્રધાનમંત્રી

### પૂર અને ભારે વરસાદની સ્થિતિમાં ભારત સરકાર અને આખો દેશ મધ્યપ્રદેશની પડખે ઉભો છે: પ્રધાનમંત્રી

કમલમ દૈનિક,

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ આજે વીડિયો કોન્ફરન્સિંગના માધ્યમથી મધ્યપ્રદેશના પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના (PMGKAY)ના લાભાર્થીઓ સાથે સંવાદ કર્યો હતો. આયોજના અંગે લોકોમાં વધુને વધુ જાગૃતિ ફેલાવવા માટે રાજ્ય સરકાર દ્વારા સઘન અભિયાન હાથ ધરવામાં આવ્યું છે જેથી રાજ્યમાંપાત્રતા ધરાવતી એકપણ વ્યક્તિ તેના લાભથી વંચિત ના રહી જાય. રાજ્ય દ્વારા૭ ઑગસ્ટ ૨૦૨૧ના દિવસને પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના દિવસ તરીકે ઉજવવામાં આવી રહ્યો છે. મધ્યપ્રદેશના રાજ્યપાલ અને મુખ્યમંત્રીઆ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા. મધ્યપ્રદેશમાંઅંદાજે ૫ કરોડ લાભાર્થીઓ આ યોજનાનો લાભ મેળવી રહ્યાંછે. આ પ્રસંગે સંબોધન આપતા, પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે, મધ્યપ્રદેશમાં ભારે વરસાદ અને પૂરની સ્થિતિના કારણે રાજ્યમાં લોકોના જનજીવન અને આજીવિકા પર અસર પડી છે. તેમણે ખાતરી આપી હતી કે, મુશ્કેલીના આ સમયમાં ભારત સરકાર અને સમગ્ર દેશ તેમની પડખે ઉભો છે.



### ફક્ત ૮૦ કરોડ કરતાં વધારે નાગરિકોને વિનામૂલ્યે રાશન મળ્યું એવું નથી પરંતુ ૮ કરોડ કરતાં વધારે ગરીબ પરિવારોને વિનામૂલ્યે ગેસના સિલિન્ડર પણ મળ્યાં છે

સદીમાં એકાદ વખત આવતી કુદરતી આપદા જેવી કોરોના મહામારીનો ઉલ્લેખ કરતા પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે, આખો દેશ એકજૂથ થઈને આ પડકાર સામે લડવા માટે ઉભો છે. તેમણે પુનરુચ્ચાર કર્યો હતો કે, આ કટોકટીના સમયનો સામનો કરવાની વ્યૂહનીતિમાં, ભારતે ગરીબોને સૌથી વધારે પ્રાથમિકતા આપી છે. આ સમયના પહેલા દિવસથી જ, ગરીબો અને શ્રમિકોના ભોજન અને રોજગારી પર ધ્યાન આપવામાં આવી રહ્યું છે. ફક્ત ૮૦ કરોડ કરતાં વધારે નાગરિકોને વિનામૂલ્યે અનાજ મળ્યું એવું નથી પરંતુ ૮ કરોડ કરતાં વધારે ગરીબ પરિવારોને વિનામૂલ્યે ગેસના સિલિન્ડર પણ પૂરાં પાડવામાં આવ્યા છે. ૩૦ હજાર કરોડ કરતાં વધારે રૂપિયા સીધા જ ૨૦ કરોડ કરતાં વધારે મહિલાઓના જન-ધન ખાતામાં ટ્રાન્સફર કરવામાં આવ્યા છે. તેવી જ રીતે, હજારો કરોડ રૂપિયા શ્રમિકો અને ખેડૂતોના ખાતાઓમાં સીધા ટ્રાન્સફર કરવામાં આવ્યા હતા. તેમણે માહિતી આપી હતી કે, અંદાજે ૧૦-૧૧ કરોડ ખેડૂત પરિવારોના બેંક ખાતાઓમાં ૯ ઑગસ્ટના રોજ હજારો કરોડ રૂપિયા ટ્રાન્સફર કરવામાં આવશે. તાજેતરમાં જ રસીના ૫૦ કરોડ ડોઝ આપવાની આધારચિહ્નરૂપ સિદ્ધિ પ્રાપ્ત કરવામાં આવી તેનો ઉલ્લેખ કરતા પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે, ભારત એક અઠવાડિયામાં જેટલા લોકોને રસી આપે છે એટલી તો દુનિયામાં કેટલાય દેશોની કુલ વસ્તી છે. તેમણે કહ્યું હતું કે, "આ નવા ભારતની નવી ક્ષમતા છે, ભારત આત્મનિર્ભર બની રહ્યું છે." તેમણે વધુમાં કહ્યું હતું કે, આ રસી સલામત અને અસરકારક છે અને તેમણે હજુ પણ રસીકરણને વધારે વેગવાન બનાવવાનું આહ્વા કર્યું હતું. તેમણે કહ્યું હતું કે, આખી દુનિયામાં લોકોની આજીવિકા પર આવેલી અભૂતપૂર્વ કટોકટીના સમય દરમિયાન ભારતમાં ઓછામાં ઓછું નુકસાન થાય તેવું સતત સુનિશ્ચિત કરવામાં આવી રહ્યું છે. નાના અને સુક્ષ્મ કદના ઉદ્યોગોને લાખો કરોડો રૂપિયાની આર્થિક સહાય પૂરી પાડવામાંઆવી છે જેથી તેઓ પોતાની કામગીરી સતત ચાલુ રાખી શકે અને તમામ હિતધારકોની આજીવિકા સુનિશ્ચિત થઈ શકે. એક રાષ્ટ્ર, એક રાશન કાર્ડ, યોગ્ય ભાડાની યોજના, પ્રધાનમંત્રી સ્વનિધિ દ્વારા પરવડે તેવી અને સરળ લોન, માળખાગત સુવિધાઓની પરિયોજનાઓ જેવી સંખ્યાબંધ પહેલોથી શ્રમિકવર્ગને મુશ્કેલીનો સામનો કરવામાં ઘણી મદદ મળી છે. રાજ્યમાં ડબલ એન્જિનની સરકારના લાભો વિશે વાત કરતા પ્રધાનમંત્રીએ રાજ્ય સરકાર દ્વારા લઘુતમ ટેકાના ભાવે વિક્રમી પ્રમાણમાં કરવામાં આવેલી ખરીદીની પ્રશંસા કરી હતી. મધ્યપ્રદેશમાં આ વર્ષે, ૧૭ લાખ કરતાં વધારે ખેડૂતો પાસે ઘઉં ખરીદવામાં આવ્યા છે અને ૨૫ હજાર કરોડ રૂપિયાની ચુકવણી સીધા જ તેમના ખાતામાં કરવામાં આવી છે. રાજ્યએ આ વર્ષે ઘઉંની ખરીદીના મહત્તમ કેન્દ્રો સ્થાપિત કર્યા છે. 'ડબલ એન્જિન સરકારહ્યમાં, રાજ્ય સરકારો કેન્દ્ર સરકારની યોજનાઓની પૂરક બની જાય છે અને તેમાં સુધારો લાવે છે અને તેમની તાકાતમાં વધારો કરે છે. પ્રધાનમંત્રીએ આ વાત કહેતા ઉમેર્યું હતું કે, શ્રી શિવરાજસિંહ ચૌહાણના સમર્થ નેતૃત્વ હેઠળ મધ્યપ્રદેશે લાંબા સમય પહેલાંની પોતાની BIMAR રાજ્ય તરીકેની છબી ભૂંસી નાંખી છે. વર્તમાન શાસન દરમિયાન સરકારી યોજનાઓની ઝડપથી ડિલિવરી અંગે વાત કરતા, પ્રધાનમંત્રીએ અગાઉના સરકારી વ્યવસ્થાતંત્રોમાં રહેલા વિક્ષેપો અને ઉણપોનો ઉલ્લેખ કર્યો હતો. તેમણે કહ્યું હતું કે, તેઓ ગરીબો વિશે સવાલ કરતા હતા અને લાભાર્થીઓનો વિચાર કર્યા વગર જાતે જ પોતાની રીતે જવાબ પણ આપી દેતા હતા. તેમને એવું લાગતું હતું કે, ગરીબ લોકોને બેંક ખાતા, માર્ગો, ગેસના જોડાણો, શૌચાલયો, પાઈપ દ્વારા પાણીનો પુરવઠો, લોન વગેરે સુવિધાઓનો ઉપયોગ કરવાનો હોતો જ નથી. આ ખોટી માન્યતાએ ગરીબોને ઘણા લાંબા સમયથી સુવિધાઓથી વંચિત રાખ્યા હતા.

પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે, ગરીબ લોકોની જેમ, વર્તમાન નેતૃત્વ મુશ્કેલ સંજોગોનો સામનો કરીને અહીં સુધી આવ્યું છે અને તેઓ આ પરિસ્થિતિને સમજે છે. તાજેતરના વર્ષોમાં, ગરીબોના મજબૂતીકરણ અને સશક્તિકરણ માટે વાસ્તવમાં અને અર્થપૂર્ણ પ્રયાસો હાથ ધરવામાં આવી રહ્યાં છે. આજે, દરેક ગામડાંઓ સુધી માર્ગો પહોંચી રહ્યાં છે, નવી રોજગારીની તકો ઉભરી રહી છે, બજારો સુધીની ખેડૂતોની પહોંચ વધારે સરળ બની ગઈ છે અને

### ૩૦ હજાર કરોડ રૂપિયા સીધા જ ૨૦ કરોડ કરતાં વધારે મહિલાઓના જન-ધન ખાતાઓમાં ટ્રાન્સફર કરવામાં આવ્યા છે

### હજારો કરોડ રૂપિયા શ્રમિકો, ખેડૂતોના ખાતાઓમાં ટ્રાન્સફર કરવામાં આવ્યા હતા, આગામી હપતો એક દિવસ પછી ચુકવાશે

બીમારીની સ્થિતિમાં ગરીબો હોસ્પિટલ સુધી પણ સરળતાથી પહોંચી શકે છે. આજે રાષ્ટ્રીય હાથવણાટ દિવસના પ્રસંગે, પ્રધાનમંત્રીએ ૧૯૦૫માં ૭ ઑગસ્ટના રોજ શરૂ થયેલી સ્વદેશી ચળવળની શરૂઆતને યાદ કરી હતી. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે, દેશમાંગ્રામીણ, ગરીબ અને આદિજાતિ વર્ગોના સશક્તિકરણ માટે એક મોટા અભિયાનની કામગીરી ચાલી રહી છે અને આ અભિયાનથી કાપડ ક્ષેત્રમાં હસ્ત બનાવટ, હસ્તવણાટ, કસબ-કારીગરીને પ્રોત્સાહન મળશે અને તેનો પ્રચાર થશે. તેમણે કહ્યું હતું કે, આ વોકલ ફોર લોકલ બનવાની

### 'ડબલ એન્જિન સરકારોમાં, રાજ્ય સરકારો કેન્દ્ર સરકારની યોજનાઓમાં પૂરક બને છે અને તેમાં સુધારો લાવે છે અને તેમની તાકાતમાં વધારો કરે છે

ચળવળ છે, તેવી લાગણી સાથે રાષ્ટ્રીય હાથવણાટ દિવસની ઉજવણી કરવામાં આવી રહી છે. ખાદીનો ઉલ્લેખ કરતા પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે, ખાદી એક સમયે વિસરાઈ ગઈ હતી પરંતુ આજે તે વાઈબ્રન્ટ બ્રાન્ડ બની ગઈ છે. પ્રધાનમંત્રીએ કહ્યું હતું કે, "આપણે સ્વતંત્રતાના ૧૦૦ વર્ષની સફરમાં આગળ વધી રહ્યાં છીએ ત્યારે, આપણે ખાદીમાં સ્વતંત્રતાની ભાવનાને વધુ મજબૂત કરવાની છે." તેમણે લોકોને આગામી તહેવારોની મોસમ દરમિયાન કોઈ સ્થાનિક હાથ બનાવટના ઉત્પાદનો ખરીદવા માટે આગ્રહ કહ્યો હતો. પોતાના સંબોધનના સમાપન વખતે

### શ્રી શિવરાજસિંહ ચૌહાણના નેતૃત્વ હેઠળ, મધ્યપ્રદેશે ઘણા લાંબા સમય પહેલાંની રાજ્યની BIMARU તરીકેની છબી ભૂંસી નાંખી છે:

પ્રધાનમંત્રીએ સૌને તહેવારોની ઉજવણી દરમિયાન કોરોના સામે તકેદારી રાખવાનું જરાય ભૂલાય નહીં તેવી ટકોર કરી હતી. તેમણે ખૂબ જ ભારપૂર્વક કહ્યું હતું કે, મહામારીના ત્રીજા ચરણને રોકવાની ખાસ જરૂર છે અને લોકોને તકેદારીના તમામ પગલાંનું પાલન કરવા માટે અનુરોધ કર્યો હતો. શ્રી મોદીએ પોતાના શબ્દોના સમાપનમાં કહ્યું હતું કે, "આપણે તંદુરસ્ત ભારત અને સમૃદ્ધ ભારત માટે સંકલ્પ લેવાનો છે." પ્રધાનમંત્રીએ તાજેતરમાંગુજરાત અને ઉત્તરપ્રદેશમાં PMGKAYના લાભાર્થીઓ સાથે પણ સંવાદ કર્યો હતો.

# જન જન નો વિકાસ રૂપાણીજીના નેતૃત્વમા થયુ સાકાર-રાઘવજી પટેલ



રીપોર્ટ ભરત ભોગાયતા-જામનગર

કમલમ દૈનિક, જામનગર

વિજયભાઈ રૂપાણીના સફળ નેતૃત્વ હેઠળ રાજ્ય સરકારના પાંચ વર્ષ પૂર્ણ થવા અંગે સમગ્ર રાજ્યમાં પાંચ વર્ષની વિકાસયાત્રાને આવરી લેતી અને સરકારના મહત્વના જુદા-જુદા વિભાગો દ્વારા ચાલતી વિવિધ પ્રજાલક્ષી યોજનાઓને પ્રજા સમક્ષ લાવવા માટે વિવિધ કાર્યક્રમોનું આયોજન હાથ ધરાયેલ છે. જે કાર્યક્રમના સાતમા દિવસે ધારાસભ્ય રાઘવજીભાઈ પટેલના અધ્યક્ષ સ્થાને ટાઉન હોલ, જામનગર ખાતે જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી, એસ.ટી.વિભાગ જામનગર તથા જિલ્લા વહિવટી તંત્ર જામનગરના સયુંક્ત ઉપક્રમે વિકાસ દિવસ ઉજવવામાં આવ્યો હતો. આ પ્રસંગે રાઘવજીભાઈ પટેલે જણાવ્યું હતું કે, વિકાસની યાત્રાને રાજ્ય સરકારે વેગવંતી બનાવી છે. કેળવણી, અન્ન વિતરણ, સેવાસેતુ, મહિલા સશક્તિકરણ, કૃષિ, રોજગાર વગેરે બાબતોને આવરી લઈ સમાજના તમામ વર્ગોને વિકાસના સર્વાંગી દર્શન કરાવ્યા છે. અને એ દર્શાવે છે કે સમાજના તમામ વર્ગોની સરકાર કાળજી લઈ રહી છે. વિઘ્નસંતોષીઓ તેમજ સમાજને ગુમરાહ કરતા લોકોને ઓળખી તેઓને સરકારના વિકાસ કામોથી અવગત કરાવવા તેમજ સમાજમાં પણ વધુમાં વધુ લોકો સુધી સરકારના વિકાસ કામોની વાત પંહોચાડવા ધારાસભ્યશ્રીએ ઉપસ્થિત લોકોને આહવાહન કર્યુ હતુ. કાર્યક્રમમાં વર્ચુઅલ માધ્યમથી કેન્દ્રીય ગૃહમંત્રી અમિતભાઈ શાહ, કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરી, મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી તથા નાયબ મુખ્યમંત્રી નિતીનભાઈ પટેલ જોડાયા હતા અને ગુજરાતની વિકાસ યાત્રાને લોકો સમક્ષ મુકી હતી તેમજ કાર્યક્રમમાં કેન્દ્રીય ગૃહમંત્રી અમિતભાઈ શાહ દ્વારા વતન પ્રેમ યોજનાનુ લોકાર્પણ કરવામાં આવ્યું હતુ. કાર્યક્રમમાં વિકાસ દિન નિમિત્તે જામનગરનાં વિવિધ તાલુકાઓના ૩૩૭ લાભાર્થીઓને પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ રૂ.૫૧૨ લાખથી વધુના ખર્ચે આવાસો ફાળવવામાં આવ્યા હતા. જે આવાસોનુ ખાતમુહુર્ત કરવામાં આવ્યુ હતુ તે પૈકી ૧૦ લાભાર્થીઓને પ્રતીકાત્મક રૂપે આવાસ ફાળવણી હુકમ એનાયત કરવામાં આવ્યા હતા. તેમજ અન્ય લાભાર્થીઓને તાલુકા કક્ષાએથી હુકમો એનાયત કરાયા હતા. આમ, માત્ર એક જ દિવસમાં જામનગરના ૩૩૭ પરિવારોના ઘરના ઘરનું સ્વપ્ન સાકાર થયુ હતુ. તદુપરાંત ૧૦૩ ગામમાં પ્રધાનમંત્રી આવાસ યોજના ગ્રામીણના નવા આવાસોનું ખાતમુહુર્ત કરવામાં આવ્યુ હતુ. સાથે સાથે કાર્યક્રમમાં જામનગર જિલ્લાને રૂ. ૧.૧૬ કરોડના ખર્ચે પાંચ નવીન એસ.ટી. બસો પણ ફાળવવામાં આવી હતી.આ તકે જિલ્લા વિકાસ અધિકારી મિહીર પટેલે સમગ્ર કાર્યક્રમની તેમજ જિલ્લાના વિકાસ કામોની ઉપસ્થિત સૌ કોઈને વિગતો પુરી પાડી હતી. જેમાં જામનગર તથા જામજોધપુર આઈ.ટી.આઈ., ૩૩૭ પ્રધાનમંત્રી આવાસ યોજનાના ખાતમુહુર્ત વગેરેનો સમાવેશ કરાયો હતો. કાર્યક્રમમાં જિલ્લા ભાજપ પ્રમુખ રમેશભાઈ મુંગરા તથા સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેન મનિષભાઈ કટારીયા દ્વારા પ્રાસંગીક ઉદબોધન કરાયુ હતુ. જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના ડાયરેકટર શ્રી રાયજાદાએ ઉપસ્થિત મહાનુભાવોને શાબ્દીક સ્વાગત વડે આવકાર્યા હતા જ્યારે કાર્યક્રમની આભાર વિધિ ડે.કમિશનર વસ્તાણી દ્વારા કરાઈ હતી તેમજ કાર્યક્રમનુ સંચાલન હરીદેવ ગઢવી દ્વારા કરાયુ હતુ. આ પ્રસંગે ડે.મેયર તપન પરમાર, શહેર ભાજપ પ્રમુખ વિમલભાઈ કગથરા, જિલ્લા કલેકટર ડો. સૌરભ પારઘી, કમિશનર વિજય ખરાડી, એસ.ટી. વિભાગીય નિયામક પટેલ, ભરતભાઈ બોરસદિયા તથા બહોળી સંખ્યામાં લાભાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.તેમ નાયબ માહીતી નિયામક આર.કે.જાની ના માર્ગદર્શન હેઠળ વિસ્તૃત અહેવાલમાં માહીતી મદદનીશ વિરેન્દ્રસિંહ પરમારે જણાવ્યુ છે તેમજ તસવીરો દ્વારા કાર્યક્રમના અહેવાલમા ગજેન્દ્રસિંહ જાડેજા પુરક બન્યા

# શંખેશ્વર તીર્થે ૧૦૮ ભક્તિ વિહાર ખાતે જૈન અનુષ્ઠાન પરિવાર દ્વારા ભક્તામર ધ્યાન શિબિર યોજાઇ

### ભક્તામર ની સાધનાથી જે ઊર્જા અને જે અનુભૂતિ પ્રગટે છે તે જીવનની સર્વ શ્રેષ્ઠ અનુભૂતિ છે-નિકુંજ ગુરૂજી



રીપોર્ટ - જીજ્ઞા શેઠ, પાટણ

કમલમ દૈનિક,

ઉત્તર ગુજરાત ની ધન્યધરા પર આવેલ શંખેશ્વર મહાતીર્થે શ્રી ૧૦૮ પાર્શ્વનાથ ભક્તિ વિહાર જૈન ટ્રસ્ટના ઉપક્રમે શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ પ્રભુ અને શ્રી ભક્તિ પાર્શ્વનાથ પ્રભુની છત્રની છાયામાં તપાગચ્છાધિપતિ પ.પૂ.આ.શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મ.સા અને જંગમરત્ન તીર્થ પ્રેરક પ.પૂ.આ. શ્રીમદ્ વિજય રત્નશેખરસૂરીશ્વરજી મ.સા ના દિવ્ય આશીર્વાદથી જૈન અનુષ્ઠાન પરિવાર દ્વારા ભવ્યાતિભવ્ય સંગીતના સથવારે શ્રી ભક્તામર ધ્યાન શિબિર યોજાયેલ. જેમાં પ.પૂ.જ્યોતિષાચાર્ય ડો.આ.શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મ.સા,ધ્યાનનિષ્ઠ પૂજય મુનિરાજ લલીતેશ વિજયજી મ.સા,વૈયાવચ્ચ પ્રેમી પૂજય મુનિરાજ હેમદર્શન વિજયજી મ.સા,માનવતા પ્રેમી પૂજય મુનિરાજ નયશેખર વિજયજી મ.સા,સ્વાધ્યાય પ્રેમી પૂજય મુનિરાજ શૌર્યશેખર વિજયજી મ.સા ની પાવનકારી નિશ્રામાં યોજાયેલ.આ ભક્તામર ધ્યાન શિબિરમાં પંડિતવર્ય શ્રી નિકુંજભાઈ ગુરૂજીએ માનતુંગસૂરી મહારાજા વિરચિત દિવ્ય પ્રભાવિક સ્તોત્ર,યંત્ર,મંત્ર,તંત્રની વિશેષ સમજણ અને ધ્યાન સાધના કર્મક્ષય-મોક્ષમાર્ગની સાધના વિગેરેની ઉપર સમજાવેલ.આ પ્રસંગે ભક્તામર રેડિયોનું લોન્ચિંગ અને ભક્તામર ચાતુર્માસ પત્રિકા આલેખન નું મુહૂર્ત પ્રદાન કરવામાં આવેલ.

આ પ્રસંગે સંગીતની રમઝટ દ્વારા શ્રી ભાવિકભાઈ શેઠે દરેક ભક્તોને ભક્તિમાં તરબોળ કરેલ.આ ભક્તામર ધ્યાન શિબિરમાં ઓનલાઈન ના માધ્યમ થી પણ ભારત ભરમાંથી લાખો ભક્તો જોડાયેલ.આ પ્રસંગે પંડિતવર્ય શ્રી નિકુંજભાઈ ગુરૂજી એ દરેક ગુરૂ ભગવંતોને શ્રી ભક્તામર સ્તોત્રની પુસ્તક અર્પણ કરેલ અને સાથે સાથે પંડિતવર્ય શ્રી નિકુંજભાઈ ગુરૂજીએ પધારેલ રાજકીય અતિથિ વિશેસોનું સાલ,માળા અને ભક્તામર રેડિયો અર્પણ કરી બહુમાન કરેલ.આ પ્રસંગે પંડિતવર્ય શ્રી નિકુંજભાઈ ગુરૂજી,પંડિતવર્ય શ્રી પરેશભાઈ શાહ,પ્રમુખ પાટણ જીલ્લા ભાજપ શ્રીમાન ડો.દશરથજી ઠાકોર, શ્રી ભલાભાઈ કટારીયા,પંડિતવર્ય શ્રી હિતેશભાઈ શાહ,શ્રી સમીરભાઈ શાહ,શ્રી કૌશલભાઈ જોષી વિગેરે ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમની પૂર્ણાહુતી બાદ જૈન અનુષ્ઠાન પરિવાર તરફથી દરેક ભક્તોનું દસ રૂપિયાનું સંઘ પૂજન કરવામાં આવેલ.આ સમગ્ર કાર્યક્રમના આયોજક શ્રી જૈન અનુષ્ઠાન પરિવાર દ્વારા કરવામાં આવેલ.આ પ્રસંગે મુંબઈ,અમદાવાદ, કચ્છ, સુરત, થરા વિગેરેથી ભાવિક ભક્તો પધારેલ.

# શંખેશ્વર ખાતે એમ્પથી ફાઉન્ડેશન દ્વારા જીજ્ઞા કોમ્પ્યુટર કલાસીલમાં ૫૧ કોમ્પ્યુટર અર્પણ કરવામાં આવેલ

કમલમ દૈનિક,

ઉત્તર ગુજરાતની ધન્યધરા પર આવેલ શંખેશ્વરના પ્રાંગણે શ્રી શંખેશ્વર પાર્શ્વનાથના ઈન્ટરનેટ પ્રોગ્રેસીવ-વર્લ્ડ એમ્પથી ફાઉન્ડેશન-મુંબઈ દ્વારા જંગમરત્ન તીર્થ પ્રેરક, માનવતાના મસીહા પૂ.આ.શ્રી રત્નશેખરસૂરીશ્વરજી મ.સા ની ૪૭મી દીક્ષા તિથિ નિમિત્તે તથા પૂજય મુનિરાજ નયશેખર વિજયજી મ.સા (કચ્છ કોડાયવાળા) અને પૂજય મુનિરાજ શૌર્યશેખર વિજયજી મ.સા ની પ્રેરણાથી જીજ્ઞા કોમ્પ્યુટર કલાસીલમાં એકાવન (૫૧) કોમ્પ્યુટર અર્પણ કરવામાં આવેલ.આ પ્રસંગે પૂજય મુનિરાજ નયશેખર વિજયજી મ.સા (કચ્છ કોડાય વાળા)એ જણાવેલ કે શ્રીમાન પ્રવીણભાઈ છેડા ગામ-પુનડી-કચ્છ,હાલે-મુંબઈ એમ્પથી ફાઉન્ડેશન-મુંબઈ તરફથી વિના મૂલ્ય એકાવન કોમ્પ્યુટર અર્પણ કરવામાં આવેલ.શંખેશ્વર જેવા



રીપોર્ટ -અજય ખત્રી - કચ્છ

પછાત વિસ્તારના બાળકો માટે રણમાં એક સ્વપ્નની પરબ તરીકે સ્વપ્ન વિપાસા ને છીપાવવાનો ભગીરથ પ્રયત્ન છે. પ્રેમરત્ન માનવસેવા ચેરીટેબલ ટ્રસ્ટ અને જીજ્ઞા કોમ્પ્યુટર કલાસીલ પરિવાર આપના સદૈવ ઋણી રહેશે.જીજ્ઞા કોમ્પ્યુટર કલાસીલના ડાયરેક્ટર અને શંખેશ્વર ગામનું ગૌરવ કર્મ વિરાંગના,સેવાભાવી શ્રીમતિ જીજ્ઞાબેન શેઠ દ્વારા છેલ્લા ૧૫ વર્ષથી આ ગ્રામીણ વિસ્તારમાં ૧૭,૦૦૦ થી વધુ વિદ્યાર્થીઓને કોમ્પ્યુટરનું જ્ઞાન આપ્યું છે.અને આ વિસ્તારના વિદ્યાર્થીઓ ને રાહત દરે કોમ્પ્યુટર કલાસિસની ટ્રેનિંગ આપે છે.જેમાં CSC સેન્ટર તથા સ્કીલ ઈન્ડિયા સેન્ટર (જિલ્લા કક્ષાનું) શરૂ પણ કરેલ છે.આ પ્રસંગે પ્રેમરત્ન માનવસેવા ચેરીટેબલ ટ્રસ્ટ ના સમસ્ત ટ્રસ્ટી ગણે એમ્પથી ફાઉન્ડેશન મુંબઈ વાળાની ખૂબ ખૂબ અનુમોદના કરેલ અને તેમની આ કાર્યને બિરદાવેલ.

